આ જે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

કવિ અને સમાજ

કયાં કશું પણ કરે છે બહેકીને ?!
કોઇ નાનમ નથી વિવેકીને...
એકલો થઇ ગયો સુંઘાઇને
શું મળ્યું 'તું કવિને મહેકીને?

એ સમય હતો ૧૯૭૪થી ૧૯૭૯નો... મારી કવિ તરીકેની ઉંમરની શિશુવયનો, પા પા પગલીનો, પડવા આખડવાનો, તોતલી ભાષા બોલવાનો : મનમાં કવિ હોવાનું ભરપૂર ગૌરવ અને ઉફરા ચાલવાનો મદ પણ ખરો. બેફામ બેફામ બેફામનો તબક્કો પૂરો કરીને મરીઝ, શૂન્ય, મનોજ, આદિલ, સૈફ, કૈલાસ અને અન્ય કવિઓ તેમ જ સુરેશ જોશીના પદ્યાન્વિત ગદ્યના અમૃતતુલ્ય ટીપાંનું રોજ સેવન કરવાનો એ દૌર... અને જે દિવસે કે દિવસો પછી ગઝલ જન્મે ત્યારે તો પારો ઔર ઉપર, ઔર ઉપર, શર્ટ અને ખમ્મીસ પરવડે એમ હતા છતાંય ઝભ્ભો અને ઝોળો ખાદીનો, સ્વીકારી લીધેલા. ને મળેલા આવા કવિના અસ્તિત્વ સંદર્ભમાં ઉચ્છ્રખલ દોરમાં અમદાવાદમાં ૪૩ વર્ષ પહેલાં એક 'મોટા ઘરે' કાવ્યાવાંચન ગોઠવાયું. અમદાવાદની, મુખ્ય પ્રધાનને બાદ કરતાં બધી જ મોટી હસ્તીઓ હાજર ત્યાં. અને શોભિત દેસાઇ પણ જે ચગ્યો છે... જે ચગ્યો છે એ દિવસે... મનમાં એક જ વાત : 'આજે પૂરેપૂરી Worth સમજાઇ મને મારી... આ બધી રાષ્ટ્રીય પ્રતિભાઓ મારાથી આટલી બધી અંજાઇ ગઇ છે?! હે વાગિશ્વરી! તારો લાખ લાખ આભાર...' કાર્યક્રમ આટોપાઇ ગયો. હું ખૂણે ઊભો રાહ જોઉં છું કે હમણાં આમાંથી કોઇ અતિ આનંદપૂર્વક મને ગાડીમાં બેસાડીને રાયખડ દરવાજા મારા રહેઠાણે લઇ જશે. એક પછી એક મોટા ઘરનો માલિક મને નમસ્તે કરી, મારી સાથે હાથ મિલાવી, 'જરૂર મળજો'નું પરચૂરણ નાંખી લઇ રહ્યો છે વિદાય. 'કયાં જવું છે?' 'ચાલો તમને મૂકી દઇએ,' 'આવી જાવ.' સાંભળવા બેતાબ મારા કાનને ઘોર સન્નાટામાં સબડતા મૂકીને એક પછી એક ગાડી પસાર થાય છે અને મનમાં સતત એક વાત સતત ઘુમરાયા કરે છે કે વાગિશ્વરીને ભૂલી જઉં? કે એની સાથે લક્ષ્મી પ્રસન્નોસ્તુના જાપ પણ ચાલુ કરું!!!

આટલા વર્ષોમાં ઘણી ગાડીઓ બદલી. નોકરી-ધંધા બદલ્યા. રાજકારણથી લઇને ઉદ્યોગ, કલા કારીગરીથી લઇને સામાજિક મૂલ્યો સાથે સંકળાયેલા યદ્ધાતદ્ધા ક્ષેત્રના સૌથી ઊંચી પાયરીના લોકોને મળ્યો આ વર્ષોમાં. થોડા વખત પછી એમના નિકટના સ્નેહી પાસેથી હમણાં 'શોભિત દેસાઇને મળાયું. ખૂબ આનંદ થયો.' પણ સાંભળ્યું. પણ ૨૫ દિવસ પહેલાં પેલો અનુભવ પાછો repeat થયો. ગાડી લીધા વગર એક કાર્યક્રમમાં ગયો'તો. કાર્યક્રમ -ભોજન પતાવી uber ની રાહ જોતા બહાર હજુ તો ઊભો'તો અને એક ભાઇ-બહેન મને પૂછે: 'કયાં જવું છે?' 'ખાર.' 'મારે માટુંગા પણ તમને મૂકીને જઇશ.' ઘાટકોપરથી કુર્લા આવ્યા અને ઇદનું ગાંડપણ અને મુસ્લિમ Youthનું bikes ઉપરનું ગાંડુ-વિવેકહીન, બેરોકટોક પાગલપન અનુભવ્યું. અંદરોઅંદર જાતને કોસ્યા કરું. 'કયાં આ ભાઇને તકલીફ આપી.... uber જ સારી હતી. અને ભાઇ જાણે મારી અંદર ચાલતી ભાષા વાંચી / સાંભળી શકતા હોય એમ મને દિલાસો આપે?! 'થોડી વારમાં આ બધું વિખેરાઇ જશે. અરે! આપણે ૧૫-૨૦ મિનિટમાં તો ઘરે... તમારા..' ન માનવાવાળો હું તે દિવસે તો અંદરથી 'કોઇક'ને પ્રાર્થના કરતો હતો 'એમને તકલીફ ન પહોંચાડ વધુ અને જલદી આ વસ્તીવધારામાંથી બહાર કાઢ.' અને પ્રાર્થના પહોંચી, ન માનનારાની પ્રાર્થના પહોંચી અને પાંચમી મિનિટે ૩ કલાક સુધી બહાર ન નીકળી શકાય એવા પ્રલયકારી હુજુમમાંથી અમે બહાર!! તમે એમ માનો છો કે મારી પ્રાર્થના પહોંચી? ના, મારા સારથીની અવસ્થાની ઉપર ઉપરવાળાની કરુણા વરસી...

હું ગદગદ્ મારા દરવાજે ઉતરું છું, વિચારતાં કે આ એ જ સમાજ છે જે ૪૪ વરસ પહેલાં અમદાવાદમાં હતો? સમાજ મને હા પાડે છે અને કહે છે 'હું ય બદલાયો છું આટલા વર્ષોમાં,' મારાથી બોલાતું નથી મહેશભાઇ શાહ નામના દેવદૂતથી છૂટા પડતી વખતે... પણ મહેશભાઇ હસ્તધૂનન કરતી વખતે એમના હાથ પર એક ખારું ટીપું પડેલું અનુભવે છે.

આજે આટલું જ... ■

વેલ સ્ટોરી

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

અદ્વિતીય આંદામાનઃ દરિયાના તળિયે ધરબાયેલી સુંદર જીવસૃષ્ટિ

સ્પેસ વિષે કદાચ આપણે એટલું જરૂર જાણતા હોઈશું જેટલું આપણે સમુદ્ર વિષે નથી જાણતા. આપણી ધરણી પર ૭૦% જેટલો ભાગ રોકનાર અફાટ મહાસાગર જેટલો બહાર સુંદર દેખાય છે એનાથી ક્યાંય વિશેષ સુંદર દુનિયા પોતાની ભીતર સમાવીને બેઠો છે. કેટ કેટલાંયે રહસ્યો દરિયાનાં તળિયે ધરબાયેલા હશે જેનાથી આપણે અજાણ જ હોઈશું. કુદરતનાં સાનિધ્યમાં જંગલો, નદીઓ-કોતરો, ઘાસનાં મેદાનો, પહાડો વગેરે ફર્યા પછી કુદરતની પાણી નીચે સમાયેલી સૃષ્ટિને જોવા - જાણવાની જિજ્ઞાસા પ્રવર્તે જ એમાં કોઈ શંકા નથી. કુદરતનાં વૈવિધ્યનાં કેફમાં રહેવાની જિજ્ઞાસા કહો કે સમુદ્રી વિશ્વનું ખેંચાણ. મને ભારતનાં ખૂબસૂરત દ્વીપ સમૂહ આંદામાન સુધી ખેંચી લાવ્યું અને અહીંના વિશ્વમાં ડૂબકી લગાવીને પણ હું એટલું ન સમજી શક્યો કે એવું કયું તત્વ સમુદ્ર ધરાવે છે જે દરેક ઉંમરનાં જનો અને સચરાચરનાં દરેક જીવોનાં મન પર સતત રાજ કરવાનું સામર્થ્ય ધરાવે છે!

સરસ મજાનાં હિંચકા પર બેસીને અનિમેષ નજરે સમુદ્રનાં ધવલ મોજાંને મહાકાય શિલાઓ સાથે અથડાઈને પ્રકૃતિનું મધુર ગાન ગાતા જોઈ શકીએ તો સમય ભાન ભૂલીને તમારી સાથે સમય વિતાવવા બેસી જશે એવું ખરેખર અનુભવી શકાય. શુક્લ પક્ષનાં પખવાડિયામાં ધીમી ચાલે સૂરજ ઢળતા ઢળતા સમુદ્રનાં પટને સોનેરી ઓપ આપીને વિદાય લે, ડોલ્ફિન્સ મસ્તીનાં મૂડમાં આવીને સૂરજને દિવસની આખરી વિદાય આપવા ઊછળીને જાણે આકાશ આંબવા પ્રયત્ન કરે કે સૂરજ નજર સામેથી પાણીમાં ઓઝલ થઇ જાય. આકાશ આખું કેસરી ઝાંય રંગોથી રંગાઈ જાય ને સહેજ ઉગમણે નજર ફેરવો કે આછેરાં અંધારામાં ઓઝલ થયેલ પાણી પર કેસરી દીવાની જ્યોત સમો ચંદ્ર ક્ષિતિજ પર ધીરેકથી દૃષ્ટિગોચર થાય કે બધી જ કવિ કલ્પનાઓ વામણી લાગે. કિનારે સહેજ ગરમ અને મુલાયમ રેટીમમાં ઉઘાડા ડીલે ધરતીભેર પાડીને દરિયાને નિહાળવાની, એની સાથે ગોષ્ઠી માંડવાની આ જ સાચી રીત છે એવું હું મારા અનુભવ પરથી સ્પષ્ટપણે કહી શકું. આથમતા સૂરજે સતત સંઘર્ષમય જીવનમાં આવતા ઘડીભરનાં અંધારપટ તો એ કે તરફ ઊગતા ચંદ્રએ કોઈ પણ સમય કાયમી નથી, અંધારપટનો અંત છેલ્લે તો કોઈ ચમકતી રોશનીથી જ છે એવું એક જ સમયે સમજાવી જાય છે છે ને પ્રકૃતિ એક રસપ્રદ પાઠશાળા? ૧૭મી સદી પહેલા અહીં રહેતા જનો કદાચ પ્રકૃતિ સાથે તાલમેળ સાધીને આ રીતે જ રહેતા હશે એટલે કદાચ એમને આપણી કે આપણા આધુનિક વિશ્વની જરૂરિયાત નહિ પડી હોય જે આજે પણ અહીંથી નજીક આવેલા નોર્થ સેન્ટિનલ ટાપુનાં આદિવાસી જનો જીવી જાણે છે અને ક્યારેય માનવ વિશ્વને પોતાનાં વિશ્વમાં ડોકિયું નથી કરવા દેતા.

બંગાળની ખાડીમાં આવેલા આંદામાનનાં દ્વીપ સમૂહોમાંના દરેક દ્વીપ સમગ્ર વિશ્વભરમાં એક આગવી ઓળખ ધરાવે છે અને અહીંની નૈસર્ગિક સુંદરતા કોઈ પણને અહીંના જ બનાવવા માટે સમર્થ છે. અહીં આવેલ એક શહીદ દ્વીપ અફાટ સુંદરતાની સાથે વિવિધ દરિયાઈ જીવસૃષ્ટિ ધરાવે છે. એ વિશ્વને જાણવાં માછલીઓ, પરવાળાઓ, કાચબાઓ, કરચલાઓ અને અન્ય જીવો સાથે મિત્રતા કેળવવી પડશે. દરિયાને ખરા અર્થમાં માણવો હોય તો એની ભીતર ઊતરવું પડે એ સિદ્ધાંતને લક્ષ્યમાં લઈને જ્યાં ઓછાં લોકો હોય એવા સ્થળ પર પહેલી પસંદગી ઉતારી. અહીં વિમાનમાર્ગે પોર્ટ બ્લેર આવી શકાય છે. પોર્ટ બ્લેર અહીંનું મુખ્ય મથક છે. અહીંથી અલગ અલગ ટાપુઓ પર ફેરી મારફતે જઈ શકાય છે તો વળી આંદામાનનાં જમીની વિસ્તાર સાથે જોડાયેલાં વિશ્વમાં આંટો મારવા બસ કે ટૅક્સી મારફતે પણ જઈ શકાય.

પોર્ટ બ્લેરથી સીધો જ હું શહીદ દ્વીપ જવા નીકળ્યો. જેટી પર જ આવેલા ટિકિટ કાઉન્ટર પરથી શહીદ દ્વીપ જે અંગ્રેજોનાં શાસન સમયે નીલ આઇલેન્ડ તરીકે ઓળખાતો, પણ આપણા દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનાં માન સન્માન અર્થે ભારત સરકારે આ દ્વીપ સમૂહનું નામકરણ કર્યું. શહીદ દ્વીપ માત્ર સાત થી આઠ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલો નાનકડો પણ કુદરતનાં આશિર્વાદથી ઉત્તમ નૈસર્ગિક સંપત્તિથી લદાયેલો દ્વીપ છે જ્યાં તમે ઈચ્છા પડે એટલો સમય વિતાવી શકો અને આ નૈસર્ગિક આનંદને પોતાનાં બદનની ચાળમાં ભરી શકો. અહીં વિવિધ રંગો અને આકારનાં સમુદ્રી જીવો, વૃક્ષો, ફળફળાદિનાં બગીચાઓ, સોપારીનાં ગગનચુંબી વૃક્ષો, દિવસે તમરાં ગુંજીને સતત તેમની હાજરી નોંધાવે એવા મહાકાય વૃક્ષો ધરાવતાં જંગલો, જંગલોમાં માનવ કેડીઓ અને કેડીઓ સીધી જ (જુઓ પાનું ૧૧) ▸▸

હાઇ દર્શન

ડો. જે. જે. રાવલ
jj.rawal@bombaysamachar.com

પંચમહાભૂતની મહેરબાનીથી આપણે સૌ પૃથ્વી પર જીવીએ છીએ



આ બ્રહ્માંડ હકીકતમાં પંચમહાભૂતને આધારે ચાલી રહ્યું છે. આ પંચમહાભૂત છે પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ. ગ્રીક વિદ્વાનો માનતાં કે આ બ્રહ્માંડ ચાર મહાભૂતોનું બનેલું છે પૃથ્વી, જળ, વાયુ અને અગ્નિ, પણ પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓ માનતાં કે આ બ્રહ્માંડ ઉપરોક્ત પાંચ મહાભૂતોનું બનેલું છે. પ્રાચીન ભારતીય મનીષીઓનું આ તત્વજ્ઞાન હતું, આત્મજ્ઞાન હતું, દર્શન હતું. આ તેમનો બ્રહ્માંડ વિષેનો ગહન અભ્યાસ હતો. પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓએ શૂન્ય અને અનંતતાને આત્મસાત કર્યા હતા અને તે પ્રાચીન ભારતીય ઋષિઓ જ કરી શકે. મોટા મોટા ગણિતશાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ તો પછી થયાં. પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓનું જ્ઞાન બ્રહ્માંડ સમજવાના પાયામાં છે.

આઠ હજાર વર્ષ પૂર્વે પ્રાચીન ભારતીય મનીષીઓએ પ્રશ્ન કરેલો કે આ બ્રહ્માંડનો અંતિમ પદાર્થ કયો? તેઓ માત્ર પ્રશ્ન પૂછીને બેસી રહ્યાં ન હતાં, પણ તેમણે તેનો ''બ્રહ્મન્'' ના સ્વરૂપમાં જવાબ પણ મેળવેલો. બ્રહ્મન્ નિરંજન નિરાકાર છે પણ બધા જ આકારો ધરી શકે છે. તે જીવમાત્રમાં, બ્રહ્માંડની દરેક દરેક વસ્તુમાં ''ચેતના'' રૂપે બિરાજે છે. મારી ચેતના અને તમારી ચેતના બંને એક જ છે જે બ્રહ્માંડની ચેતના છે. ચેતના અદૃશ્યમાન છે. ચેતના એ જ ઊર્જા. ઊર્જા જ પૂરા બ્રહ્માંડને ચલાવે છે. જે અલગ અલગ ઊર્જાના રૂપમાં અને પદાર્થના રૂપમાં આકારો ધારણ કરે છે, તે જ બ્રહ્મનનું સ્વરૂપ છે. સત્ય દેખાતું નથી, જ્ઞાન દેખાતું નથી, પ્રકાશ દેખાતો નથી, આત્મા દેખાતો નથી, બુદ્ધિ દેખાતી નથી, ઊર્જા દેખાતી નથી, ઈશ્વર દેખાતો નથી, અંતરીક્ષ દેખાતું નથી તેવી જ રીતે 'બ્રહ્મન્' પણ દેખાતું નથી પણ તે છે તેનો અહેસાસ આપણને થાય છે. ભલે તે પદાર્થના રૂપમાં આપણને દૃશ્યમાન નથી, આપણે તેને પકડી શકતા નથી. બ્રહ્મન્ શબ્દ ઉપરથી જ બ્રહ્માંડ શબ્દ આવ્યો છે. આપણા ઋષિ-મુનિઓએ જ અણુ-પરમાણુ અનંતતા જેવા શબ્દો આપ્યાં છે. માટે જ તેઓએ અંતરીક્ષ દેખાતું નથી છતાં તેને પાંચ મહાભૂતોમાં, પાંચમા મહાભૂત તરીકે લીધું છે. એક ભૌતિકરાશિ (Physical quantity) તરીકે લીધું છે. આજથી ૮૦૦૦ વર્ષ પહેલાં અંતરીક્ષને એક પૃથ્વી, જળ, વાયુ, અગ્નિની હરોળમાં ભૌતિકરાશિ તરીકે લેવું તે મહાન વાત ગણાય.

આઇન્સ્ટાઈને તેનો સાક્ષેપવાદ આપીને $E=mc^2$ સૂત્ર આપી સાબિત કર્યું છે કે પદાર્થ એ ઊર્જા જ છે અને આગળ જતાં તેને વિસ્તૃત સાપેક્ષાવાદ (General Theory of Relativity) આપીને ભૌતિકશાસ્ત્રનું ભૂમિતિકરણ કર્યું છે. ગુરુત્વાકર્ષણને દિક્-કાળ (Space-Time)ના સંદર્ભ ચોકઠા (Frame of Reference) ની મદદથી સાબિત કર્યું છે કે ગુરુત્વાકર્ષણ એ બીજું કાંઈ જ નથી પણ દિક્-કાળમાં વક્રતા છે અને બ્રહ્માંડ દિક્-કાળની ચાદર છે, ઊર્જાની ચાદર છે, ચેતનાની ચાદર છે.

અંતરીક્ષ અને કાળ (સમય)ને અલગ પાડી શકાય નહીં. જ્યાં અંતરીક્ષ છે ત્યાં કાળ (સમય) છે જ અને જ્યાં સમય (કાળ) છે ત્યાં અંતરીક્ષ છે જ. ઊર્જાનું ગઠન થાય છે ત્યારે પદાર્થ બને છે અને તે દિક્-કાળ રૂપી ચાદરમાં અંતરીક્ષમાં ઝોલો પાડે છે. આ ઝોલામાં રાખેલો લખોટો પદાર્થ તરફ ગતિ કરે છે તે જ ગુરુત્વાકર્ષણનું આકર્ષણ, ગુરુત્વ એટલે પદાર્થ તેનું આકર્ષણ એટલે ગુરુત્વાકર્ષણ. જો પદાર્થ કેન્દ્રીય મોટા પદાર્થની પરિક્રમા ન કરે તો તે ઝોલાના ઢાળ દ્વારા કેન્દ્રીય મોટા પદાર્થમાં જઈને પડે છે. વિદ્યુત ક્ષેત્ર છે તે જ ચુંબકીય ક્ષેત્ર છે અને ચુંબકીય ક્ષેત્ર છે તે જ વિદ્યુત ક્ષેત્ર છે. ગુરુત્વાકર્ષણની ભૂમિતિ-દિક્-કાળના રૂપમાં પ્રદર્શિત કરવાનો વિચાર આઇન્સ્ટાઈનને કેવી રીતે આવ્યો (જુઓ પાનું ૧૧) ▸▸

રૂપેરી શિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

એલઆઈસીનો શેર ડિસ્કાઉન્ટમાં ખૂલશે તો સેન્ટિમેન્ટ બગડશે, અન્ય આઈપીઓની ચિંતા વધશે

જિઓપોલિટિકલ તનાવની અસરોમાં ઈકોનોમી ઘાયલ, માર્કેટ ડામાડોળ અને ઈન્વેસ્ટર્સ કન્ફ્યુઝ, કિંતુ સમય ખરીદીનો

એલઆઈસીનો આઈપીઓ તો છલકાઈ ગયો, લિસ્ટિંગનો સમય સાવ નજીક આવી ગયો છે. એ પહેલાં પ્રીમિયમ માર્કેટમાં તેના ભાવ ડાઉન તો ઠીક ડિસ્કાઉન્ટમાં બોલાવા લાગ્યા છે. લિસ્ટિંગ બાદ શું થશે? કારણ કે બજાર હાલ દિશાહીન છે. આ સાથે અન્ય આઈપીઓના હાલ પણ શું થશે એ ઈશ્વર જાણે. સતત વર્તમાન સમય પેનિકમાં આવી જવાય એવો છે, કિંતુ આવવું નહીં, બલકે આપણા અર્થતંત્રની મજબૂતાઈને ધ્યાનમાં રાખી સારા સ્ટોક્સ જમા કરવાની તકનો ઉપયોગ કરવો જોઈએ

આ સમયમાં સ્માર્ટ ઈન્વેસ્ટરો કહે છે કે, આજથી છ થી બાર મહિના બાદનું વિચારો, છ મહિના પછી તમને લાગશે કે રશિયા-યુક્રેન વિવાદ અને ગ્લોબલ ડાઉનટ્રેન્ડ એ તો બજારમાં ખરીદીની તક હતી. જો કે ઘટતા બજારમાં બહુ ઓછાં રોકાણકારો આવું વિચારી શકે છે અને વિચારે તો પણ ખરીદીની હિંમત બહુ ઓછા કરી શકે છે. આવા સમયમાં બજાર હજી ઘટશે ત્યારે લેશું એ વિચાર ચાલ્યા કરે છે અને મોટેભાગે ખરીદીની તક ચુકી જવાય છે.

ઈન્ડેક્સ અને સ્ટોકસના ભાવોમાં લાલ નિશાની જ વધુ દેખાતી હોય ત્યારે આવો ભાવ થવો સહજ છે. યુદ્ધના પરિણામ સ્વરૂપે જે-જે સ્થિતિ સર્જાઈ છે, તેમાં ઈન્ફલેશન અને વ્યાજદર ગંભીર ચિંતાનો વિષય બન્યા છે. દરેક અર્થતંત્ર પર ગંભીર અસર છે, તેમછતાં ભારતીય ઈકોનોમી માટે લાંબા ગાળાના વિકાસનો ફંડામેન્ટલ્સ આધારિત વિશ્વાસ હોવાથી ઘટાડો છતાં ખરીદીનો આ ઉત્તમ સમય ગણાય છે. એ ખરું કે ભારતીય શેરબજાર હાલ ગ્લોબલ અસરો હેઠળ ડામાડોળ અને વોલેટાઈલ બન્યું છે. સરકાર તરફથી આર્થિક સુધારા અને નવા નીતિ વિષયક વિકાસલક્ષી પગલાં જાહેર થતાં જાય છે. જેની લાંબા ગાળાની અસર સારી રહેવાની આશા અવશ્ય રાખી શકાય, બાકી હાલની વોલેટિલિટીમાં રોકાણ કે ટ્રેડિંગ સંબંધી વિવેકબુદ્ધિ વધુ જરૂરી છે. હાલ સેકટર સાથે સ્ટોક સ્પેસિફિક ધ્યાન આપવામાં શાણપણ. બજારને અસર કરતા કેટલાંય પરિબળો આપણા નિયંત્રણમાં હોતા નથી. આપણે કેટલા પણ બુલિશ હોઈએ, બજારનું કોઈ પરિબળ માર્કેટને બેરિસ કરી શકે અને આપણે બેરિસ હોઈએ ત્યારે બુલિશ કરી શકે છે.

વિવિધ સેક્ટરને નવી પોલિસીથી પ્રોત્સાહન

સરકાર એકતરફ ગ્રીન પોલિસી લાવી રહી છે, ગુજરાતે હજી થોડા દિવસો પહેલાં જ અઢળક રાહતો સાથેની ખાસ આઈટી પોલિસી જાહેર કરી છે, જેને લીધે ગુજરાતમાં આઈટી સેકટરને જબ્બર વેગ મળવાની અને રોજગાર સર્જનની તક વધવાની આશા છે, જયારે કે ગુજરાત કેન્દ્રના સહયોગ સાથે બાયોટેકનોલોજી પોલિસી પણ લાવ્યું છે. જેની માટે પણ ઢગલાબંધ રાહતો અને પ્રોત્સાહન અપાયા છે. આ સાથે સરકાર હાઈડ્રોજન ઉત્પાદનને વેગ મળે એવી પોલિસી લાવી રહી છે, જે આ સેકટરને પ્રોત્સાહિત કરશે. આને કારણે રિલાયન્સ ઈન્ડ. અદાણી એન્ટરપ્રાઈસીસ, અદાણી ગ્રીન, ગેઈલ ઈન્ડિયા, એનટીપીસી, ઈન્ડિયન ઓઈલ, લાર્સન-ટુબ્રો અને કયુમિન્સ ઈન્ડિયા જેવા સ્ટોકસને બુસ્ટ મળશે એવી ધારણા છે. આ ઉપરાંત સરકાર સેમિકન્ડકટર ચીપ સ્કિમ લાવવાની સક્રિય તૈયારીમાં છે, જેની વિશ્વમાં ઊંચી માગ છે, ભારત તેનું ઉત્પાદન હાથ ધરવા ઉત્સુક છે. આ માટે સરકારે ૧૦ અબજ ડોલરનું ઈન્સેન્ટિવ પેકેજ નકકી કર્યું છે. આ વિષયમાં સરકાર ટોચની ચીપ કંપનીઓ ઈન્ટેલ, સેમસંગ, ગ્લોબલ ફાઉન્ડ્રીઝ વગેરે સમાન કંપનીઓ સાથે વાતચીત કરી રહી છે. આ દૃષ્ટિએ રોકાણકારોએ વિચારીને આ સેકટર્સના સ્ટોકસ પર ધ્યાન આપવામાં સલાહભર્યું ગણાશે.

ઈન્વેસ્ટરોને કોમન સવાલ

એક કોમન સવાલ. કોઈપણ ચીજ-વસ્તુ તમે કયારે ખરીદો? જવાબ એ જ હશે કે એ વસ્તુ સસ્તમાં મળતી હોય ત્યારે, પરંતુ સારી ગુણવત્તાવાળી વસ્તુ સસ્તામાં ન પણ મળે, તેમછતાં આપણે વાજબી ભાવે ખરીદવાની અપેક્ષા અને તૈયારી તો રાખીએ જ. કોરોનાના કપરાં કાળમાં બજાર ડબલ કરતા વધી ગયું હતું, વાસ્તવમાં ૧૦૦ ટકાથી ઉપર વધ્યું કહી શકાય. અમુક સ્ટોકસ તો ૨૦૦ થી ૩૦૦ ટકા વધ્યા. તો પછી હાલ યુદ્ધ જેવા કારણમાં બજાર ૧૨ થી ૧૫ ટકા ઘટે એ સહજ નથી? આ યુદ્ધ ભલે વિશ્વ યુદ્ધ નથી, કિંતુ તેની અસર ગ્લોબલ છે. અને હા, આવા અણધાર્યા સંજોગો માટે શેરબજારમાં તૈયાર રહેવું જ પડે. આવા વોલેટાઈલ સમયમાં ટ્રેડર્સ વર્ગ મુશ્કેલીમાં મુકાય છે, પરંતુ રોકાણકાર વર્ગ તો આને બજારની સાઈકલનો એક ભાગ ગણે છે અને ઘટાડાને વધુ ખરીદીનો અવસર બનાવે છે.

ભવિષ્યમાં રંજ ન કરવો પડે

હાલ ખરીદીથી સાવ જ દૂર રહેનારા લોકો ભવિષ્યમાં પોતાની ભૂલ પ્રત્યે રંજ કરશે. બજારમાં ખરીદીનો ઉત્તમ સમય મંદી અને ઘટાડા-કડાકાનું વાતાવરણ જ ગણાય. જોકે આ સમયમાં જ લોકો આ સત્ય ભૂલી જાય છે અને ખરીદીની વાત તો બાજુએ રહી, લોકો વેચવા દોડી જાય છે. ઘણાં સીધા-સાદા રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડના એસઆઈપી બંધ કરાવવા તૈયાર થઈ જાય છે, જયારે કે મંદીના માહોલને લીધે આ પ્લાનથી જ તેમને ભવિષ્યમાં વધુ લાભ થવાનો હોય છે. એટલે જ કહે છે કે માર્કેટમાં ખોટા સમયે એન્ટ્રી અને ખોટા સમયે એકિઝટ રોકાણકારોને ખોટનો ધંધો કરાવે છે. જો આ સમયમાં તમને કોઈ સ્ટોકસ ખરીદવાનું ન સૂઝે તો એક ઉપાય તરીકે તમે ઈન્ડેકસ આધારિત ફંડ (ઈટીએફ) ના યુનિટસ ખરીદી શકો. યાદ રહે, છેલ્લા ગણતરીના દિવસોમાં જ મૂડીધોવાણ રૂ.૨૦ લાખ કરોડ જેટલું થઈ ગયું છે, શુક્રવારે બજારે ઘટાડાની ગાડીને બ્રેક મારી હતી. જો કે વર્તમાન સંજોગો હાલ તો મંદીના જ વધુ હોવાથી સાવચેતી જરૂરી છે.

વિકાસનો આશાવાદ શા માટે છે?

ભારતીય ઈકોનોમી અને માર્કેટ માટે સારા મુદ્દા કહેવા હોય તો કંપનીઓ માટે બિઝનેસ તકો વધી રહી છે. દેવામાંથી ઘણી કંપનીઓ રાહત મેળવી રહી છે. પ્રમોટર્સમાં બિઝનેસના ભાવિ માટે આશા વધી રહી હોવાથી તેઓ પોતાનું હોલ્ડિંગ વધારી રહયા છે. નવી મૂડી આવી રહી છે. છેલ્લા અમુક સમયમાં સતત વેચવાલ રહેનાર ફોરેન ઈન્વેસ્ટર્સ ખરીદી શરૂ કરશે ત્યારે વેગથી કરશે એવી આશા વહેલી- (જુઓ પાનું ૧૧) ▸▸